<table>
<tr><td rowspan="5">GJPM080029472022</td><td rowspan="5">सत्यमेव जयते</td><td>ફરીયાદ આવ્યા તારીખ</td><td colspan="3">૧૪–૧૨–૨૦૨૨</td></tr>
<tr><td>ફરીયાદ રજુ થયા તારીખ</td><td colspan="3">૧૪–૧૨–૨૦૨૨</td></tr>
<tr><td>ફરીયાદ નિકાલ થયા તારીખ.</td><td colspan="3">૧૬–૦૬–૨૦૨૬</td></tr>
<tr><td>સમય ગાળો.</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td></td><td>૦૩</td><td>૦૬</td><td>૦૨</td></tr>
</table>

**ઘોઘંબાના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ...**

**<u>ક્રિમીનલ કેસ નં.૨૭૦૮/૨૦૨૨</u>**

**આંક–**

| **<u>ફરીયાદી.</u>** |
|---|
| શ્રી સરકાર. |

**–:: વિરૂધ્ધ ::–**

| **<u>આરોપી</u>** |
|---|
| જયેશકુમાર મગનસિંહ ઘોડ,<br>ઉ.વ.૪૭, ધંધો: નોકરી.<br>રહે. વીરણીયા,તા.મોરવા (હડફ),જી.પંચમહાલ.<br>હાલ રહે.ચંદન સોસાયટી, વેજલપુર,<br>તા.કાલોલ,જી.પંચમહાલ. |

**ફરીયાદ:–આઈ.પી.સી.કલમ–૩૫૪(એ)(૧)(૨),૫૦૯ મુજબ.**

---

**ફરીયાદી તર્ફે વિ.વ.એ.પી.પી.શ્રી કામોળ.**
**તહોમતદાર તર્ફે વિ.વ. શ્રી એમ.જી.કુરેશી.**

---

**:: ઠરાવ ::**

(૧) ફરીયાદ પક્ષના કેસ ની હકીકત ટુંકમા એવી છે કે, તા.

૨૮ /૦૩/૨૦૨૨ ના રોજ  ૧૮–૧૫ કલાકના સુમારે મોજે: ઘોઘંબા પોસ્ટ ઓફીસમા આરોપીએ પોતાના તાબાના કર્મચારી ફરીયાદીના શરીરના પ્રાઈવેટ પાર્ટસ જોવાની તથા સંતોષ લેવાની અભદ્ર અને ગેરવ્યાજબી માંગણી કરી ગુન્હો કરેલ હોઈ જેથી ઉપરોકત બનાવ અંગે ની હાલની ફરીયાદ, ફરીયાદી એ રાજગઢ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૭૦૫૫૨૨૦૧૪૫/૨૦૨૨ થી ઈ.પી.કો. કલમ–૩૫૪(એ)(૧)(૨),૫૦૯ મુજબની નોંધાવતા તે ફરીયાદની તપાસના આધારે ત.ક.અધિકારીએ તપાસ કરી, લાગતા–વળગતા સાહેદો ના નિવેદનો લઈ આરોપી સામે પુરતો પુરાવો મળતા અત્રે કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

(૨) સદર ચાર્જશીટ રજુ થતા કોગ્નીઝન્સ લઈ આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવ્યા હતા જેની આરોપીને ધોરણસરની બજવણી થઈ હતી જે અન્વયે  આરોપી તેમના વકીલશ્રી મારફતે અત્રે હાજર રહયાં છે. આરોપી ને ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ (સરળતા ખાતર ''સંહિતા'') ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વીના મુલ્યે પુરી પાડવામાં આવી હતી.ગુન્હા અંગે કરવામાં આવેલી સજાની જોગવાઈઓ ધ્યાને લેતા હાલનો કેસ વોરંટ ટ્રાયેબલ કેસ હોઈ ''સંહિતા''ની કલમ–૨૪૦(૧) અન્વયે આરોપી વિરુધ્ધ આંક–૩ થી તહોમતનામુ ઘડવામાં આવ્યુ હતુ તેમજ ''સંહિતા'' ની કલમ–૨૪૦(૨) અન્વયે પ્રશ્નો પુછી આરોપીનુ નિવેદન આંક–૪ થી નોંધવામાં આવ્યુ છે. જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરી પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતા હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી વોરંટ ટ્રાયેબલ કેસ તરીકે શરુ કરવામાં આવી હતી.

(૩) હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ ઉપર આધાર રખાયો છે.

**(એ) મૌખિક પુરાવા :–**

| અનુ.નં. | વર્ણન. | આંક. |
|---|---|---|
| ૧ | સાહેદનં.૧,પ્રિયંકાબેન નટવરસિંહ બારીઆ (ફરીયાદી) ની જુબાની. | ૧૫ |
| ૨ | સાહેદ નં.૨,મેહુલકુમાર નટવરસિંહ બારીઆ ની જુબાની. | ૧૭ |
| ૩ | સાહેદ નં.૩, સજ્જનબેન નટવરસિંહ બારીઆ ની જુબાની. | ૧૮ |
| ૪ | સાહેદ નં.૪,નયનાબેન મુકેશભાઈ બારીઆની જુબાની. | ૨૪ |
| ૫ | સાહેદ નં.૫,શીલાબેન રામાભાઈ બારીઆ ની જુબાની. | ૨૫ |
| ૬ | સાહેદ નં.૬,નેહલબેન ભાનુપ્રસાદ જોષી ની જુબાની. | ૨૬ |
| ૭ | સાહેદ નં.૭, ધર્મેશકુમાર શાંતીલાલ વાળા ની જુબાની. | ૨૯ |
| ૮ | સાહેદ નં.૮, રાજેન્દ્રસિંહ રઘુવીરસિંહ ગોહીલ (ત.ક.અ.) ની જુબાની. | ૩૦ |

(બી) દસ્તાવેજી પુરાવા:–

| અનુ.નં. | વર્ણન. | આંક. |
|---|---|---|
| ૧ | ફરીયાદ. | ૧૬ |
| ૨ | સમાધાન કરાર. | ૧૯ |
| ૩ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ. | ૨૧ |
| ૪ | મેમરી કાર્ડ રીકવરી પંચનામુ. | ૨૨ |
| ૫ | આરોપીની શરીર સ્થિતિ નુ પંચનામુ. | ૨૩ |
| ૬ | પત્ર. | ૨૭ |

(૪) ઉપરોકત પુરાવાઓ સિવાય ફરીયાદ પક્ષ તર્ફે અન્ય કોઈ

પુરાવાઓ રજુ કરવામાં આવ્યા નથી ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી. શ્રીએ મૌખિક વિનંતીથી વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવતા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલો છે. ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલો પુરાવો ધ્યાને લઈ આરોપીનુ ''સંહિતા'' ની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવ્યુ છે. જેમા આરોપી એ ફરીયાદપક્ષના કેસનો પુરાવો તેમના રુબરુ અને સાંભળતા લેવામા આવેલો હોવાની હકીકત સ્વીકારી,સાહેદોના પુરાવાની મહત્વની હકીકતોનો ઈન્કાર કરી પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નહિ હોવાનુ તેમજ બચાવમા સાહેદો તપાસવા માંગતા નહિ હોવાનુ જણાવી વિશેષમા '' પોતે તદ્દન નિર્દોષ હોવાની હકીકત જણાવી છે.

ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તેમજ બચાવ પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી છે.

**(૫)** હાલના કેસમા પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતા તેમજ પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લેતા મારી સમક્ષ નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૮ /૦૩/૨૦૨૨ ના રોજ ૧૮-૧૫ કલાકના સુમારે મોજે: ઘોઘંબા પોસ્ટ ઓફીસમા આરોપીએ પોતાના તાબાના કર્મચારી ફરીયાદીના શરીરના પ્રાઈવેટ પાર્ટસ જોવાની તથા સંતોષ લેવાની અભદ્ર અને ગેરવ્યાજબી માંગણી કરી ઈ.પી.કો. કલમ-૩૫૪(એ)(૧)(૨),૫૦૯ મુજબ સજાને પાત્ર ગુન્હાહિત કૃત્ય કર્યુ છે.?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧:–નકારમાં.

મુદ્દા નં.ર:–આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના જવાબો માટેના કારણોનીચે મુજબ છે.

:: **કારણો** ::

**મુદ્દા નં.૧:–**

આ કામના આરોપી સામે હાલનો ફોજદારી કેસ હોઈ જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ તેમજ તે સંદર્ભે લાગુ પડતા સાબીતીના ધોરણો અન્વયે ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે જ શરુ થાય છે તેમજ ભારતીય પુરાવા ધારા ની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈઓ ઘ્યાને લેતા આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપી ઉપર કયારેય તબદીલ થતોનથી સિવાય કે લાગુ પડતા કોઈ કાયદામાં તે સંદર્ભે કોઈ ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી હોય. ફોજદારી કેસના ટ્રાયલ દરમ્યાન આરોપીએ સંપૂર્ણ રીતે ચુપ રહેવાનો અધિકારછે અને આરોપીના મૌનને કારણે કોઈ વિરુઘ્ધ નુ અનુમાન કરી શકાય નહી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના '' **કાલીરામ વિ... સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ'' (૧૯૭૩)(ર)એસસીસી પા.નં. ૮૦૮** ના ચુકાદામાં જે પાયાના મુળભુત સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ઘ્યાને લેવા જરુરી છે. તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં

જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયાં સુધી તે અનુમાન નુ ફરીયાદ પક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાદારી ફરીયાદ પક્ષ ની છે અને જયાં સુધી ફરીયાદ પક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિં. વધુમાં કોઈ ખાસ પ્રકારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદ પક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદ પક્ષ તે હકીકત પુરવાર કરે ત્યારબાદ આરોપી વિરુઘ્ધ નુ અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનુ ધોરણ પ્રબળતાની સંભવિતતાના સિઘ્ધાંતો મુજબનુ હોય છે.

(૮) હવે આકામના આરોપી સામે આઈ.પી.સી.કલમ-૩૫૪(એ)(૧)(૨),૫૦૯ મુજબ ના ગુન્હા સબબ આક્ષેપ મુકવામાં આવેલ છે ત્યારે તે સંદર્ભે ગુન્હાના આવશ્યક તત્વો ઘ્યાને લેવા તેમજ અત્રે નોંધવા જરુરી છે જે નીચે મુજબ છે.

- પીનલ કોડ ની કલમ-૩૫૪(એ)(૧)(૨) ના આવશ્યક તત્વો જોઈએ તો, :-

(૧) અનિચ્છનિય અને સ્પષ્ટ જાતિય પ્રકારની માંગણીઓ કરવા સહિત શારીરીક સ્પર્શ કરવો અને તેવી બાબતોમા આગળ વઘુ અથવા

(૨)જાતિય બાબતોમા સંમતિ આપવા માટેની માંગણી અથવા વિનંતિ અથવા

(૩)સ્ત્રીની ઈચ્છા વિરુધ્ધ પોર્નોગ્રાફી(અશ્લીલ ફિલ્મ,સાહિત્ય વિગેરે) બતાવવી.

(૪)જાતિય પ્રકારની અભદ્ર ટિપ્પણી કરવી.

વિગેરે હકીકતો પ્રસ્થાપિત થવી જરુરી છે.

– પીનલ કોડ ની કલમ–૫૦૯ અન્વયેનો ગુન્હો પુરવાર કરવા માટેના આવશ્યક તત્વો નીચે મુજબના છે.

૧)આરોપીએ કોઈ શબ્દ ઉચ્ચાર્યો,અવાજ કર્યો અથવા કોઈ ચેષ્ટા કરી કે કોઈ વસ્તુ બતાવી અથવા કોઈ સ્ત્રી એકાંતમાં હોય ત્યાં તે ઘસી ગયેલ,

૨)આવૃ કુત્ય આરોપીએ તે સ્ત્રી ધ્યાન પર લે તેવા ઈરાદાથી કર્યુ,

૩)આરોપીનો ઈરાદો તે સ્ત્રીના શીલનુ અપમાન કરવાનો હતો તેવી હકીકત પ્રસ્થાપિત થવી જોઈએ.

(૯) આરોપી સામેના ઉપરોકત ગુન્હા સંદર્ભે જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે પુરાવાની ચર્ચા કરીએ તે પહેલા રેકર્ડ ઉપરની હકીકત જોઈએ તો ફરીયાદી ભોગ બનનાર તથા આરોપી બંન્ને પોસ્ટ ઓફીસમા ફરજ બજાવતા કર્મચારી છે. બનાવ તા. ૨૮–૦૩–૨૦૨૨ ના રોજ બપોરના ૩–૦૦ કલાક પછી બનેલો હોવાની અને તે દિવસે જુની પેન્શન યોજના માટે કર્મચારીઓ હડતાળ ઉપર હોવાની અને બનાવના દિવસે માત્ર અને માત્ર આરોપી તથા ભોગ બનનાર જ ઓફીસમા હાજર હતા તે દિવસે બનેલો હોવાની હકીકત જણાઈ આવે છે.

ફરીયાદીની ફરીયાદની મહત્વની હકીકત જોતા '' **આરોપી એ ફરીયાદીબેન ને ૧૫–૦૩ મીનીટે ફોન કરી કહેલ કે હું ઓફીસે આવી ગયો છુ તમે ઓફીસે આવો જેથી હુ પોસ્ટ ઓફીસે ગયેલ તો કોઈપણ પોસ્ટ**

ગ્રાહક કે ઓફીસમા કામ કરતા સહ કર્મચારીઓ હાજર ન હતા પરંતુ પોસ્ટ માસ્તર જયેશભાઈ મગનભાઈ ઘોડનાઓ એકલા હતા જેથી મને સામાજીક ડર લાગેલ પરંતુ મનમા વિચારેલ કે, પોસ્ટ માસ્તર સાહેબ મારા પિતાજીની ઉંમરના છે તેવો વિચાર કરી હું ઓફીસમા ગયેલી ત્યારે પોસ્ટ માસ્તર તેમના કોમ્પ્યુટર ઉપર કામ કરતા હતા અને હું તેની સામે આવેલ કોમ્પ્યુટર ઉપર તેમની સુચના મુજબ વીસ મીનીટ સુધી કામગીરી કરેલી ત્યારે અમારા પોસ્ટ માસ્તર નાઓ અમને વાત કરેલ કે પ્રિયંકા મારે તમને એક વાત કરવાની છે તે ખરાબ વાત છે તમે કોઈને કહેશો નહિ અને ખોટુ પણ ન માનતા અને તારી અને મારી વચ્ચે ખાનગી વાત રહેશે તેમ કહેતા મને આ જયેશ ની નિયતમા ખોટ લાગતા મે મારા મોબાઈલમા વોઈસ રેકોર્ડીંગ ચાલુ કરી દીધેલ ત્યારે તેઓ મને કહેવા લાગેલા કે, મારે તારી પાસે જોવુ છે. તેવી વાત કરેલ પરંતુ મને કાંઈ ન સમજાણુ હોય જેથી મે કહેલ કે, શું જોવુ છે ત્યારે તેમના વારંવાર વાત ઉપરથી મારા શરીરના પ્રાઈવેટ પાર્ટસ જોવાની તથા સંતોષ લેવાની અભદ્ર અને ગેરવ્યાજબી માંગણી કરતા હોવાનુ જણાઈ આવેલ જેથી મે જયેશ ને કહેલ કે તમો મારા પિતાજીની ઉંમરના છો અને આવુ ખરાબ માંગણી કરો તે વાત બરોબર નહિ તે સિવાય તેઓની દારૂ વિગેરેની કુટેવ જવા દઈએ છીએ પરંતુ આ વર્તન જવા નહિ દઈએ તેવી વાતો કરી હું ઓફીસની બહાર નીકળી સૌપ્રથમ મારા ભાઈ મેહુલસિંહ ને મોબાઈલ નં. ૮૪૦૧૧ ૦૭૨૦૦ ઉપર જાણ કરેલી તેને મને પોલીસ ફરીયાદ કરવાની વાત કરેલી પરંતુ હું ગભરાઈ ગયેલી હોય મારા ઘરે આવતી રહેલી ત્યારે આ જયેશ નાઓઅને મને આઠ કોલ કરેલ પરંતુ મે તેના કોલ રીસીવ કરેલા નહિ ત્યાર બાદ કલાક : ૧૬-૨૧ વાગ્યે મે તેનો કોલ રેકોર્ડીંગ સાથે રસીવ કરેલ અને તેની ભુલ બાબતે મારી પાસે ક્ષમા માંગુ છુ પગે પડુ છુ જે કાંઈ બનાવ બનેલ તે વાત તારી અને મારી વચ્ચે ખાનગી રહેશે વિગેરે અગીયાર મીનીટ જેટલી માફી માગેલી

**<u>અને મે તેને કહેલ કે આજ પછી મને કોઈ દિવસ કોલ કરતા નહિ તેમ જણાવી તેનો કોલ કટ કરી દીધેલ</u> તેવી મહત્વની હકીકત છે.**

**આમ, ફરીયાદીની ફરીયાદની સદર હકીકત જોતા ફરીયાદી ઓફીસમા ગયા બાદ આરોપીની સામેના ટેબલ ઉપર વીશેક મીનીટ પોતાનુ કામ કર્યા બાદ આરોપીએ ફરીયાદી બેન ને <u>વાત કરેલ કે પ્રિયંકા મારે તમને એક વાત કરવાની છે તે ખરાબ વાત છે તમે કોઈને કહેશો નહિ અને ખોટુ પણ ન માનતા અને તારી અને મારી વચ્ચે ખાનગી વાત રહેશે તેમ કહેતા મને આ જયેશ ની નિયતમા ખોટ લાગતા મે મારા મોબાઈલમા વોઈસ રેકોર્ડીગ ચાલુ કરી દીધેલ ત્યારે તેઓ મને કહેવા લાગેલા કે, મારે તારી પાસે જોવુ છે.</u> તેવી વાત કરતા ફરીયાદીને** કાંઈ ન સમજાણુ હોય જેથી ફરીયાદીએ કહેલ કે, શું જોવુ છે **<u>ત્યારે તેમના વારંવાર વાત ઉપરથી મારા શરીરના પ્રાઈવેટ પાર્ટસ જોવાની તથા સંતોષ લેવાની અભદ્ર અને ગેરવ્યાજબી માંગણી કરતા હોવાનુ જણાઈ આવેલ</u> જેથી મે <u>જયેશ ને કહેલ કે તમો મારા પિતાજીની ઉંમરના છો અને આવુ ખરાબ માંગણી કરો તે વાત બરોબર નહિ તે સિવાય તેઓની દારુ વિગેરેની કુટેવ જવા દઈએ છીએ પરંતુ આ વર્તન જવા નહિ દઈએ તેવી વાતો કરી હું ઓફીસની બહાર નીકળી</u>** ગયેલા હોવાની હકીકત છે અને ત્યારબાદ આરોપીએ ફરીયાદીને આઠ કોલ કરેલા પરંતુ ફરીયાદી એ રસીવ કરેલા નહિ અને ત્યારબાદ ૧૬–૨૧ કલાકે ફરીયાદીએ આરોપીનો કોલ રેકોર્ડીગ ચાલુ કરી રીસીવ કરેલો હોવાની હકીકત છે.

આમ, સદર હકીકત જોતા બનાવની પહેલી વાત આરોપીએ ઓફીસમા કરેલી તેનુ ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ રેકોર્ડીગ કરેલુ હોવાની અને તે બાદ ૧૬–૨૧ કલાકે આરોપીનો ફોન રેકોર્ડીગ ચાલુ કરી રસીવી કરેલો હોવાની હકીકત છે. આમ, બનાવમા બે તબકકામા બનેલો છે. પ્રથમતો ઓફીસમા અને બીજો ફરીયાદીના ફોન ઉપર.

આમ, ફરીયાદીની પોલીસ રુબરુની ફરીયાદની સદર હકીકત જોતા આરોપીએ ફરીયાદીબેનના પ્રાઈવેટ પાર્ટસ જોવાની સ્પષ્ટ ઈચ્છા વ્યકત કરી હોય તે સ્પષ્ટ થતુ નથી કારણ કે, સમગ્ર ફરીયાદની હકીકત જોતા આરોપીએ તેવા ફરીયાદીબેનના **પ્રાઈવેટ પાર્ટસ જોવાછે** તેવા શબ્દનો ઉપયોગ કરેલ હોય તેવુ ચોકકસ જણાતુ નથી ફરીયાદીની ફરીયાદ હકીકતમા પ્રાઈવેટ પાર્ટસ તેવો કોઈ શબદ પણ નથી. વધુમા ફરીયાદીની પોલીસ રુબરુ ની ફરીયાદ હકીકતની આગળની હકીકત જોતા ...**ત્યારે તેમના વારંવાર વાત ઉપરથી મારા શરીરના પ્રાઈવેટ પાર્ટસ જોવાની તથા સંતોષ લેવાની અભદ્ર અને ગેરવ્યાજબી માંગણી કરતા હોવાનુ જણાઈ આવેલ** **તેવી હકીકત છે. આમ, ફરીયાદીના સદર કથનો જોતા ફરીયાદીએ આરોપીના વર્તન ની નોંધ લેતા આરોપી તેવી વાત કરતો હોવાનો અંદાજ લગાવેલો હોવાનુ સદર કથનો ઉપરથી સ્પષ્ટ જણાય છે.**

**હવે સદર કામે ફરીયાદીએ કોર્ટ રુબરુના પોતાના સોગંદ ઉપરના પુરાવામા જે હકીકત જણાવી છે તે જોઈએ તો,** બનાવ સમયે માર્ચ મહીનો ચાલતો હતો અને તે દીવસે સવારમાં હું મારા ઘરેથી ઓફીસે બપોરના સમયે આવેલ અને ત્યાં કસ્ટમર આઈડી જનરેટ કરવાનુ કામ કરતી હતી **અને મારી સાથે જયેશભાઈ ઘોડ નાઓ પણ મારી જોડે તેઓ પણ પીસી ઉપર કામ કરતા હતા અને તેઓ મારી પાસે બેસી કહેતા હતા કે મારે કાંઈક વાત કરવી છે અને મારે તેઓની સાથે રજા બાબતે તકરાર પણ થયેલી** તે બાબતે જોઈએ તો, ફરીયાદમા ફરીયાદી આરોપીની સામેના કોમ્પ્યુટર ઉપર કામ કરતા હોવાની હકીકત છે જયારે પુરાવામા તેઓ મારી પાસે બેસી કહેતા હતા કે મારે કંઈક વાત કરવી છે અને ફરીયાદીને તેઓની સાથે રજા બાબતે પણ તકરાર થયેલી તેવી હકીકત જણાવી છે. જે વિરોધાભાસ ઉત્પન્ન કરે છે. વધુ આગળની જુબાનીમા ફરીયાદી એવી હીકકત જણાવે છે કે, તે સમયગાળા દરમ્યાન મે મારા ફોનમાં વોઈસ રેકોર્ડીંગ ચાલુ કરી દીધેલી પછી મારી પાસે ગોળ ગોળ વાતો કરવા લાગતા તેમજ કંઈ સ્પષ્ટ કહેતા ના હોઈ

મને કાંઈ સમજાતુ ન હતુ જેથી મે તેઓ જે પણ વાત કરતા હતા તે બાબતે કાંઈ સમજાતુ ન હોય મને તે જગ્યાએ તેમની પાસે બેસીને કામ કરવુ યોગ્ય ન લાગતા હું ત્યાંથી મારા ઘરે જવા માટે નીકળી ગયેલી. વધુમા સાહેદના પુરાવા ની આગળની હકીકત જોતા '' આ બનાવ બન્યા બાદ જયેશભાઈ નાઓ રુબરુ બેઠેલા હતા ત્યારે પણ માફી માંગેલી તેવી હકીકત ફરીયાદમા નથી અને હું ઘરે ગઈ પછી મારા ઉપર ફોન કરી મારી ભુલ થઈ ગઈ છે તે કહી મારી પાસે વારંવાર માફી માંગેલી. બનાવ સમયે આ જયેશભાઈનાઓ સાથે વાતચીતમાં જયેશભાઈ બીજી વાર કહુ ? એક જ વાર કહેવાનુ હોય ? તેમજ ખાલી જોઈને સંતોષ માની લઈએ. તેમજ હું તમારી છોકરીની ઉંમરની છુ તમે પરણેલા છો તેવી વાત થયેલી જેમા મે તેઓને સ્પષ્ટ ના પાડેલી અને મને કાંઈ સમજાતુ ન હોય તેમજ તેમનો ઈરાદો શું છે તે ખબર ન પડતા મને ઓફીસમાંથી જતા રહેવાનુ યોગ્ય લાગતા હું ઓફીસમાંથી ૧૫–૨૦ મીનીટ બાદ નીકળી ગયેલી તેવી હકીકત છે. પરંતુ ફરીયાદીના સદર પુરાવાથી આરોપીનો ફરીયાદીના પ્રાઈવેટ પાર્ટસ જોઈ માત્ર સંતોષ માની લેવાની આરોપીની ફરીયાદી પાસે અભદ્ર માંગણીની હકીકત ચોકકસતાથી જણાઈ આવતી નથી.

ફરીયાદીની ફરીયાદ તા. ૩૦–૦૩–૨૦૨૨ ના રોજ નોંધવામા આવેલી છે. જે બનાવના બે દિવસ ઉપરાતના સમય બાદ આપેલી છે મોડી ફરીયાદ કરવાનુ કારણ બતાવતો કોઈ ખુલાસો કરેલો નથી. ફરીયાદ જોતા ફરીયાદીના માતા બનાવના દિવસે સાંજે જ એટલે કે, તા. ૨૮–૩–૨૦૨૨ ના રોજ ઘોઘંબા આવી ગયેલા હોવાની તેમજ ફરીયાદીનો ભાઈ પણ તા. ૨૯–૩–૨૦૨૨ ના રોજ આવી ગયેલ હોવાની હકીકત જણાઈ આવે છે છતા ફરીયાદ તા. ૩૦–૦૩–૨૦૨૨ ના રોજ આપેલી છે ત્યારે મોડી ફરીયાદ આપવા સબંધી ખુલાસો તવો જરુરી હતો પણ કોઈ ખુલાસો ફરીયાદીએ કરેલો હોવાનુ જણાઈ આવતુ નથી જે હકીકત શંકા ઉત્પન્ન કરે છે.

વધુમાં ફરીયાદી પોતાની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટ તપાસમા સ્વીકારેલી હકીકત જોઈએ તો, બનાવના દિવસે માત્ર પોસ્ટ ઓફીસના કર્મચારીઓ જુની પેન્શન યોજના માટે હડતાળ ઉપર જવાના હોવાની હકીકત છે અન્ય ઓફીસો ચાલુ હતી અને ચાલુ દિવસ હતો તેમજ પોસ્ટ ઓફીસ પંચાયતના

મકાનમાં જ આવેલી છે અને પોર્સ્ટ ઓફીસ ને અડી ને જ ગ્રામ પંચાયતની દિવાલ આવેલી છે અને પંચાયત ઓફીસ ચાલુ હતી, પબ્લીક ની પણ અવર જવર હતી અને પોસ્ટ ઓફીસના બારી દરવાજા પોસ્ટ ઓફીસ ચાલુ હોઈ ખુલ્લા રહેતા હોવાની અને બનાવના દિવસે પણ ગ્રાહકોની અવર જવર ચાલુ હોવાની હકીકત છે ત્યારે પણ બનાવ અન્વયે સ્વતંત્ર સાહેદો મળી આવે તેમ હોવા છતા સદર કામના ત.ક.અ. સાહેદનાઓએ આજુબાજુના કોઈ પંચાયત ઓફીસના કર્મચારીઓ કે પંચાયત ઓફીસમા કે પોસ્ટ ઓફીસમા આવેલા ગ્રાહકો વિશે તપાસ કરી કોઈ સાહેદોના નિવેદન લીધેલા નથી જે હકીકત શંકા ઉત્પન્ન કરે છે. તેમજ ફરીયાદીનો ઉલટ તપાસનો પુરાવો જોતા આરોપી બહેન કહીને બોલાવતા હોવાની તેમજ રીશેષમા સાથે નાસ્તો પણ કરતા હોવાની હકીકત જણાઈ આવે છે અગાઉ આરોપીએ આવુ કોઈ વર્તન કરેલ હોય કે કોઈ અપશબ્દો કે ગેરવ્યાજબી માંગણી કરી હોવાનુ પણ પુરાવાથી જણાઈ આવતુ નથી તેમજ આરોપી ફરીયાદી સાથે ફરજ દરમ્યાન ની કામગીરીની પુછપરછ પણ કરતા હોવાની આરોપી ફરીયાદીને ફરજ દરમ્યાન ડીસ્ટર્બ કરતા નહી હોવાનુ પણ સ્વીકારેલ છે. **તેમજ ફરીયાદી તથા આરોપી બંને અલગ અલગ કેબીનમા બનાવના દિવસે કામ કરતા હોવાનુ જણાવેલ છે.** તેમજ **વધુ ઉલટ તપાસમા એ હકીકત પણ સ્વીકારી છે કે બનાવના દિવસે આરોપી મારી નજીક આવી બેસવાનો કોઈ પ્રયત્ન કરેલ નહિ. એ વાત ખરી છે કે, આરોપી નિયમિત રીતે જે દિશા તરફ મોઢુ કરીને બેસતા હતા તે જ દિશા તરફ બનાવના દિવસે તેમનુ મોઢુ કરીને બેઠા હતા તેવી હકીકત સ્વીકારી છે. <u>એ વાત ખરી છે કે, બનાવના દિવસે પણ આરોપીના વ્યવહાર પરથી કશુ હું સ્પષ્ટ સમજી શકતી ન હતી. એ વાત ખરી છે કે, બનાવના દિવસે જે કાંઈ વાતચીત થઈ તે સ્પષ્ટ સમજાતી ન હતી. એ વાત ખરી છે કે, આ જે કાંઈ બનાવ બનેલ તે કોઈ ગેરસમજ હોવાના કારણે બનેલ હોય તે પણ નકારી શકાય નહિ.</u>** તેવી હકીકત સ્વીકારી છે. આમ, ફરીયાદીના પુરાવા ઉપરથી જ ફરીયાદની હકીકતો ને સ્પષ્ટ અને શંકા રહીત સમર્થન મળી આવતુ નથી. ઉલટ ફરીયાદી અને આરોપી વચ્ચે રજા બાબતે તકરાર થયેલી હોવાનુ પણ નીકળી આવે છે ત્યારે ફરીયાદી સાહેદ નો સદર પુરાવો જોતા ફરીયાદી પોતે જ તે હકીકત

જાહેર કરી રહયા હોય કે,**<u>એ વાત ખરી છે કે, બનાવના દિવસે પણ આરોપીના વ્યવહાર પરથી કશુ હું સ્પષ્ટ સમજી શકતી ન હતી. એ વાત ખરી છે કે, બનાવના દિવસે જે કાંઈ વાતચીત થઈ તે સ્પષ્ટ સમજાતી ન હતી. એ વાત ખરી  છે કે, આ જે કાંઈ બનાવ બનેલ તે કોઈ ગેરસમજ હોવાના કારણે બનેલ હોય તે પણ નકારી શકાય નહિ.</u>** તે જોતા ફરીયાદી ભોગ બનનાર બેન પોતે જ બનાવને પુરો સમજી શકયા નથી અને પોતે પણ પોતાના પુરાવાથી  જે કાંઈ વાતચીત થઈ તે સ્પષ્ટ સમજાતી ન હતી જેથી આ જે બનાવ બનેલ તે  કંઈ ગેરસમજના કારણે  બનેલ હોય તેવી હકીકત નકારી શકાય નહિ ત્યારે  પક્ષકારો એકજ ઓફીસમા કામ કરે છે અને  બનાવ સમયે પણ અલગ અલગ ટેબલ ઉપર કામ કરી રહયા હોવાની હકીકત ખુદ ભોગ બનનાર જ જણાવી રહયા છે ત્યારે કોઈ કામગીરી બાબતે ની પુછપરછ અગર ઈતર કોઈ બાબતે પક્ષકારો વચ્ચે ગેરસમજ  ઉભી થયેલી હોય અને ખુદ ભોગ બનનાર જ તેનાથી સ્પષ્ટ ન હોય તો તે સંજોગોમા આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો મુજબ નો ગુન્હો કરવાનો જ આરોપી ઈરાદો ધરાવી રહયા હતા તેવો આરોપીનો ઈરાદો જ ફરીયાદી ભોગ બનનાર ના પુરાવાથી સ્પષ્ટ થતો ન હોઈ તેમજ ફરીયાદી ભોગ બનનાર પણ પોતે સ્વીકારે છે કે, પોતાને આરોપી સાથે રજા બાબતે તકરાર થયેલી ત્યારે કોઈ પૂર્વગ્રહથી પ્રેરાઈને પણ ફરીયાદી ભોગ બનનારે હાલની ફરીયાદ કરેલી હોય તેવી શંકા ઉત્પન્ન કરે છે કારણ કે ફરીયાદી ભોગ બનનાર ખુદ તેમના પુરાવાથી સ્પષ્ટ નથી અને પોતે પોતાની ઉલટ તપાસમા **<u>એ વાત ખરી છે કે, બનાવના દિવસે પણ આરોપીના વ્યવહાર પરથી કશુ હું સ્પષ્ટ સમજી શકતી ન હતી. એ વાત ખરી છે કે, બનાવના દિવસે જે કાંઈ વાતચીત થઈ તે સ્પષ્ટ સમજાતી ન હતી. એ વાત ખરી  છે કે, આ જે કાંઈ બનાવ બનેલ તે કોઈ ગેરસમજ હોવાના કારણે બનેલ હોય તે પણ નકારી શકાય નહિ.</u>** તેવી જે હકીકત સ્વીકારી છે ત્યારે પણ ફરીયાદી ભોગ બનનારના પુરાવા ઉપરથી આરોપી વિરુધ્ધના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો શંકાથી પર રહી પુરવાર થતા નથી આરોપીએ હાલનો ગુન્હો આચરેલો જ છે તેવુ કહી દેવુ ઉતાવળ ભર્યુ ગણાશે.

વધુમાં ફરીયાદી તર્ફે જે કોલ રેકોર્ડીંગની ડીટેલ હાથથી લખાણ કરી

રજુ કરેલી છે તેમજ રેકોર્ડીંગ જે મેમરીકાર્ડમા લેવામા આવેલ છે તે બાબતે કલમ–૬૫(બી) મુજબ નુ કોઈ પ્રમાણપત્ર રજુ થયેલ નથી તેમજ તેવા રેકોર્ડીંગ સબંધે કોઈ એફ.એસ.એલ. નો અહેવાલ પણ રજુ થયેલ નથી કે જેથી કહી શકાય કે જેમા રેકોર્ડ થયેલ અવાજો ફરીયાદી અને આરોપી ના જ છે. આમ, ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવાથી પણ તેવી ઈલેકટ્રોનિકસ એવીડન્સ ની હકીકત પણ ફરીયાદપક્ષે પુરવાર કરેલી નથી.

વધુમાં ફરીયાદ પક્ષે આંક–૧૯ થી પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર કરવામા આવેલ સમાધાન કરાર રજુ કરેલો છે જે જોતા પણ પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર ખાનગી રાહે સમાધાન થઈ ગયેલ હોવાનુ જણાઈ આવે છે.

આ કામે ફરીયાદી જ પોતાની ફરીયાદની હકીકતને નિ:શંક સમર્થન આપતા  ન હોઈ અન્ય સાહેદો કે જેઓ ફરીયાદીની માતા તથા ભાઈ વિગેરે છે તેઓ હીયરસે સાહેદ છે તેમજ સાહેદોના પુરાવા જોઈએ તો, આક્ષેપિત ગુન્હા બાબતે  કોઈ સ્પષ્ટ હકીકત પુરવાર થતી નથી તેમજ જયારે ફરીયાદપક્ષના મુખ્ય સાહેદો જ ફરીયાદને સમર્થનકારી સ્પષ્ટ પુરાવો રજુ કરતા ન હોઈ તે સંજોગો મા સદર કામના અન્ય સાહેદો કે જે પોલીસ સાહેદો છે તેઓના પુરાવા માત્ર ગૌણ બની જાય છે.પંચ સાહેદોને પણ ફરીયાદપક્ષે તપાસી પંચનામાની હકીકતો પુરવાર કરેલી નથી ત્યારે પંચનામા પણ પુરવાર થયેલા માની શકાય નહિ અને આરોપી પક્ષે તે કબુલ રાખેલા હોવાથી પણ આરોપીની વિરુધ્ધમા તેનો ઉપયોગ કરી શકાય નહિ. તેમજ આરોપીનો જે અવાજ હોવાનુ મેમરી કાર્ડમા રેકોર્ડીંગ ફરીયાદીના મોબાઈલ ફોનમાંથી કબજે લેવામા આવેલ છે તે અવાજ આરોપીનો જ હોવાનુ દર્શાવતો એફએસ.એલ. નો કોઈ પુરાવો રજુ થયેલો નથી તેમજ તે બાબતે કોઈ કલમ–૬૫(બી) નુ પ્રમાણપત્ર પણ રજુ થયેલ નથી ત્યારે પણ સદર હકીકતો શંકા રહીત પુરવાર થતી નથી.

આમ,સદર કામે રજુ થયેલ ફરીયાદી ભોગ બનનાર મહત્વ ના સાહેદનો પુરાવો જ ફરીયાદને શંકાથી પર સમર્થન કરતો ન હોય, અન્ય કોઈ રેકર્ડ ઉપર સ્પષ્ટ અને સીધો માનીલઈ શકાય તેવો દસ્તાવેજી પુરાવો ન હોય તેમજ

અન્ય સાહેદોમા રસ ધરાવતા ફરીયાદી ભોગબનનારના ઘરના સભ્યો અને તે પણ હીયર–સે સાહેદો હોઈ તેમજ પોલીસ સાહેદો પણ બનાવ નજરે જોનાર સાહેદો ન હોય તે સ્વાભાવિક હકીકત છે તે સંજોગોમા મુળ ભોગ બનનાર ફરીયાદી સાહેદનો પુરાવો જ ફરીયાદ મુજબ નો કહેવાતો બનાવ પુરવાર કરી શકતો ન હોય અને બનાવ કોઈ ગેરસમજના કારણે બનેલો હોવાની શંકા ખુદ ફરીયાદી જ પોતાના પુરાવાથી ઉત્પન્ન કરતા હોય ત્યારે અન્ય તેવા રસ ધરાવતા સાહેદો તેમજ પોલીસ સાહેદોના પુરાવા ગૌણ પુરાવા બની જાય છે અને મુખ્ય પુરાવાની ગેરહાજરીમા તેવા ગૌણ પુરાવા માની પણ લેવા વ્યાજબી જણાઈ આવતુ નથી ત્યારે પણ તેવા રસ ધરાવતા સાહેદોના પુરાવા તથા તેવા પોલીસ સાહેદોના પુરાવા નુ વધુ મુલ્યાંકન અત્રે કરવુ ઉચિત જણાતુ નથી. વધુમા સદર કામે આંક–૧૯ થી આરોપી અને ભોગ બનનાર વચ્ચે નોટરી રુબરુનો સમાધાન કરાર થયેલો છે તેની હકીકતો જોતા ''ગત તા. ૨૮–૦૩–૨૦૨૨ ના રોજ અમો બંને પક્ષકારો વચ્ચે પોસ્ટ ઓફીસની કામગીરી બાબતે શાબ્દીક બોલાચાલી થયેલ હતી અને એકતરફવાળા ની તબીયત સારી ન હોવાના કારણે તેઓ તે દિવસે કામગીરી કરી શકે તેવી સ્થિતિમા ન હતા ને બીજી તરફ વાળાએ રજા ન આપતા એકતરફવાળાએ તબીયત સારી ન હોવાના કારણે ઓફીસનુ કામ મુકી બીજી તરફવાળા ને રજાની જાણ કરી દવા કરાવવા માટે ઘરે નીકળી ગયેલા પરંતુ આ દરમ્યાન બંને પક્ષકારો વચ્ચે કામગીરી બાબતે તકરાર થયેલી ત્યારબાદ તા.૩૦–૦૩–૨૦૨૨ ના રોજ એકતરફવાળાએ બીજી તરફ વાળા વિરુધ્ધ ફરીયાદ આપેલી.''

''વધુમા પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સુખદ સમાધાન થયેલ હોય અને બીજી તરફવાળા સદરહુ તકરાર બાબતની માફી માંગી લીધેલ હોય અને એકતરફવાળાએ માફીને સ્વીકારી લીધેલ હોય જેથી બંને પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાનુ તેમજ સમાધાન બંને પક્ષકારોની રાજીખુશીથી કોઈપણ જાતના દાબ દબાણ વગર કોઈ ધાક–ધમકી કે લોભ–લાલચ વગર થયેલ હોવાનુ અને જેથી સદર ક્રિમીનલ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવી હકીકત સમાધાન કરારથી જાહેર કરી છે ત્યારે પણ પક્ષકારો વચ્ચે ઉત્પન્ન થયેલ

ગેરસમજના કારણે હાલનો બનાવ બનેલ હોવાનુ તે બનાવ બાબતે તેઓ વચ્ચે હવે કોઈ મનદુ:ખ રહેલુ નહિ હોવાનુ જણાઈ આવે છે ત્યારે પક્ષકારો એક ખાતામા એક સાથે નોકરી કરતા હોઈ ભવિષ્યમા પણ તેઓ વચ્ચે સુમેળ ભર્યા સબંધો જળવાઈ રહે તે હેતુ ને પણ ઘ્યાને લેવો જરુરી જણાય છે.

આમ, ફરીયાદપક્ષના રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાની ઉપરોકત ચર્ચા જોતા ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર રહી પુરવાર કરી શકવામા સફળ રહેલા હોય તેમ જણાઈ આવતુ ન હોઈ તેમજ પક્ષકારો વચ્ચે ઉત્પન્ન થયેલી ગેરસમજનો પણ સુખ અંત આવેલ હોવાનુ જણાઈ આવતુ હોય આરોપીને સદર ગુન્હા સાથે સાંકળી દોષિત ઠરાવી શિક્ષા કરવી ન્યાયોચિત જણાઈ આવતુ નથી જેથી મુદ્દા નં.૧ નો જવાબ '' નકારાત્મક'' આપી મુદ્દા નં.ર માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૪૮(૧) અન્વયે આ કામના આરોપી જયેશકુમાર મગનસિંહ ઘોડ,રહે. વીરણીયા,તા.મોરવા (હડફ),જી.પંચમહાલ.હાલ રહે.ચંદન સોસાયટી, વેજલપુર,તા.કાલોલ,જી. પંચમહાલનાઓને ઈ.પી.કોડ ની કલમ– ૩પ૪(એ)(૧)(ર),પ૦૯ મુજબના ગુનાના આરોપમાંથી નિ:શંક પુરાવા ના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. આ કામે કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૪૩૭ અન્વયે રુા. ૧૦,૦૦૦/– ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

ઉપરોકત હુકમ આજ તા: ૧૬ મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–ઘોઘંબા
તારીખ: ૧૬/૦૬/૨૦૨૬

(એચ.એસ.લાંગા)
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ઘોઘંબા.
કોડ નં. જીજે–૦૧૦૦૦

એન.એમ.વાળંદ.